ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૫/કવા–૦૪/૧૮–૧૯/ 2442-35 તા. 30-3-19

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
યુસુફઅલી જીવાજી,
C/O, નૂતન સૌરાષ્ટ્ર આઈસ ફેકટરી
બેડી પરા -
રાજકોટ
મો:98 253 997 51

વિષય :–મીટર ના બીલ સામે વાંધા અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૭–૦૧–૧૯ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૫/કવા–૦૪/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, આજી–૧ પેટા વીભાગીય કચેરી,રાજકોટ

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૨૫/ક્વા–૦૪/૧૮–૧૯/** 2442-35 **તા.** 30-03-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૫/ક્વા–૦૪/૧૮–૧૯

અરજદાર: યુસુફઅલી જીવાજી

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ શહેર વિભાગીય કચેરી નં–૧, રાજકોટ

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., ગ્રામ્ય વર્તુળ કચેરી – રાજકોટ

તારીખ: 30/03/૨૦૧૯

૧.૦ ફોરમ કમિટી મીટીંગ તા. 30/03/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ ત્યારે સદર કેસની રજૂઆત કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ ગ્રાહક નંબર ૮૭૨૦૧/૫૦૬૧૯/૬ બાબત લેબ રીપોર્ટ તેમજ એમ.આર.આઈ તા. ૦૭.૦૧.૨૦૧૯ મુજબ સ્લોનેસ નું રકમ રૂા. ૧૮૫૮૯૮.૩૭ નું બીલ સપ્લીમેન્ટરી બીલ આપવામા આવેલ તેમા સ્લોનેસના સમયગાળા સામે ગ્રાહકે વાંધા અરજી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 પીજીવીસીએલ ની શહેર વિભાગીય કચેરી – ૧, રાજકોટ ના પત્ર નં.–૬૭૭ તા.૦૮–૦૨–૧૯ મુજબ – અરજદાર ની ફરીયાદ મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે – મીટર મેઈક કંપની તરફથી ગ્રાહકના મીટરનો એમ.આર.આઈ . એનાલીસીસ મુજબ અભ્યાસ કર્યા બાદ ગ્રાહકને આપવામા આવેલ પુરવણી બીલ રીવાઈઝ કરેલ અને અને જેની રકમ રૂા. ૯૪૩૯૭.૮૫ થાય છે. જે બાબત ગ્રાહકે રકમ રૂા. ૯૩૦૦૦/– તા. ૧૭.૦૧.૨૦૧૯ ના રોજ તેમજ બાકીની રકમ રૂા. ૧૪૦૦/– આજ રોજ ભરપાઈ કરી આપેલ છે. તેમજ આ તમામ હકીકતોથી ગ્રાહક શ્રીને રૂબરૂ માહિતગાર કરેલ છે.

અને આ બાબત તેઓએ સ્વીકૃતિ આપેલ છે, જે બદલ તેઓએ તા.૦૨–૦૨–૧૯ ના લેખીત સંમંતીપત્ર મા સહી કરી આપેલ છે. આમ, ગ્રાહકની ફરીયાદ બાબત સુખદ સમાધાન થયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં 3.0 અન્વયે અરજદારની સદર ફરિયાદનું પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા. ૦૨–૦૨–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે. બી. પારેખ) |
| સ્વતંત્ર સભ્ય | ટેકનીકલ સભ્ય | કા.વા.ચેરપર્સન |